SSP/07/01/600

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ
# પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]        રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮        કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈ પણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે.
૨. નિશ્ચય અને માહાત્મ્યરૂપી ખટાઈ.
૩. ગ. પ્ર. ૭૬ મુજબ પાકા સત્સંગીનાં લક્ષણ.
૪. ભગવાનમાં પ્રીતિ કરવાની રીત, પંચાળાના ત્રીજા વચનામૃત પ્રમાણે.
૫. ડગલાનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા................................... કોઈ કાળે ટળવાના નહિ.
૨. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિક ......................... અતિ મોટા જાણવા.
૩. જેમ નેત્રે કરીને અનંત પ્રકારના .............................. અજ્ઞાની છે.
૪. પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ ........................................ અંતઃકરણ નથી.
૫. ત્યારે પણ એવા મર્મના જાણનારા .............................. લેશમાત્ર ફેર સમજતા નથી.

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. આજ્ઞા.
૨. એકાંતિક ભક્ત.





**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. સત્સંગ થયો ક્યારે જાણવું ?
૨. બ્રહ્મરૂપ કેમ થવાય ?
૩. મુક્તાનંદ સ્વામીમાં એવી મોટપ આવી તેનું મહારાજે કારણ શું દર્શાવ્યું ?
૪. સ્વામી ચંપાના ત્રણ ફૂલ મૂકી શું બોલ્યા ?
૫. શ્રીજી મહારાજ અને મોટા સંતની દ્રષ્ટિ ક્યારે થાય ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. ............................. જાણ્યા વિના સુખિયો થાય નહિ, એમાં કાંઈ સંશય નથી. (મહિમા, જ્ઞાન, સ્વરૂપ)
૨. ........................... પણે વર્તે, તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં. (સરળ, નિર્દોષ, નિષ્કપટ)
૩. જેટલું અજ્ઞાન છે તેટલો જ ........... થાય છે. (કુસંપ, કુસંગ, અભાવ)
૪. મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ......................... જ છે. (માયા, અંધકાર, ઢૂંસા)
૫. વૃત્તિ દ્વારે સેવે એવા તો ગોપાળાનંદ સ્વામી અને ..................... છે. (આનંદાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી)

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. શ્રીહરિની પ્રાપ્તિનો મહિમા.    ૨. ચાર વાત જીવનું જીવન.
૩. ગ્રંથિઓ ગાળવાનો ઉપાય.

**('ભગતજી મહારાજ'ના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજી એક સાધક આદર્શ સાધક.
૨. ભગતજીને બ્રહ્મનો સાક્ષાત્કાર.
૩. ભગતજી મહારાજનુ નિર્માનીપણું.

**(બ) નીચેનામાંથી કોઈ પણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ભગતજીની સહનશીલતા.
૨. ભગતજીનો શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પ્રત્યેનો પક્ષપાત.
૩. ભગતજીએ દર્શાવેલાં ઐશ્વર્યો.
૪. ભગતજી વિમુખ છતાં સન્મુખ.

✿ ✿ ✿